# છરીના ઘા ઝીંકી રીસામણી પત્નિની પતિએ કરી હત્યા

## કલોલ તાલુકાના ગોલથરા ગામમાં સાળીના ઘરે જઈને પતિએ હત્યા કરી : બચાવવા ગયેલી સાળી ઉપર પણ હુમલો : સાળી હોસ્પિટલમાં દાખલ : આરોપી પતિની ધરપકડ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં પરણેલી ૧૮ વર્ષીય પરિણીતા રીસાઈને પિયર ગઈ હતી અને તેણીની પરિણીત બહેનના ઘરે કલોલ તાલુકામાં ગોલથરા ગામે ગઈ હતી. રૂપાલથી પતિ તેની સાળીના ઘરે આજે બપોરે પહોંચી ગયો હતો અને ત્યાં બંને બહેનો એકલી હતી દરમિયાન પત્નિને છરીના ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. બચાવવા વચ્ચે પડેલી સાળી ઉપર પણ હુમલો કરી પતિ ભાગી ગયો હતો. ઘાયલ બંને બહેનોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાઈ હતી જ્યાં પત્નિના હુમલાથી ઘાયલ પત્નિનું મૃત્યુ થયું હતું જયારે સાળી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પત્નિની હત્યાના ગુનામાં આરોપી પતિને પોલિસે દબોચી લીધો છે. જો કે હત્યાનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવી શક્યું નથી.

મળતી વિગત મુજબ ટીંટોડા ગામની ૧૮ વર્ષીય સોનલ રોહીતજી ઠાકોરના રૂપાલ ટીંબાવાળા વાસમાં રહેતા રોહીતજી ગાંડાજી ઠાકોર સાથે લગ્ન થયા હતા. સુત્રના જણાવ્યા મુજબ કોઈ કારણોસર સોનલ રીસાઈને પિયર આવી હતી. સોનલની મોટી બહેન સુરખા ખોડાજી ઠાકોર ગોલથરા ગામમાં પરણેલી છે. સુરેખાના પતિ બિમાર થયા હોવાથી માણસાની હોસ્પિટલમાં દાખલ થયા હોવાથી ઘરકામમાં મદદ કરાવવા સોનલ ગોલથરા ગામે સુરેખાના ઘરે ગઈ હતી. ગોલથરા ગામમાં સુરેખાના ઘર પાસેથી બપોરે વરઘોડો નીકળ્યો તે સમય બાદ રૂપાલથી સોનલનો પતિ ગોલથરા આવી પહોંચ્યો હતો. સાળીના ઘરમાં ઘુસીને કોઈ કારણોસર પતિ રોહિત ઠાકોરે તેની પત્નિ સોનલ ઉપર છરી વડે હુમલો શરુ કરી દીધો હતો.



સાળી સુરેખા તેણીની બહેનને બચાવવા વચ્ચે પડી તો તેના ઉપર પણ રોહીત ઠાકોરે છરી વડે હુમલો કરી દીધો હતો. બંનેને લોહીલુહાણ કરીને રોહીત ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલી સોનલ અને તેની બહેન સુરેખાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતા જ્યાં ફરજ પરના તબીબે સોનલ રોહીત ઠાકોરને મૃત જાહેર કરી હતી જ્યારે સુરેખાને હોસ્પિટલમાં દાખલ કરી સારવાર શરૂ કરી છે. કલોલ તાલુકા પોલિસે પત્નિની હત્યા અને સાળી ઉપર જીવલેણ હુમલો કરવાના ગુનામાં આરોપી પતિની ધરપકડ કરી ખુની ખેલ ખેલવાનું કારણ બહાર લાવવા ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.



ગાંધીનગર નજીક આવેલ ધોળાકુવા ગામ ખાતે ચંચળા માતાના મંદિર ખાતે ધજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. ચંચળ માતાનું મંદિર વર્ષો જુનું છે તેમજ ગ્રામજનો માટે આસ્થાનું કેન્દ્ર સમાન છે. જયારે દર ચૈત્રી માસમાં ધજા રોહણનો કાર્યક્રમ યોજાય છે. જેને પગલે ધોળાકુવા ગામમાં ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.વરઘોડામાં માતાજીના ગુણગાન ગાતા ગાતા ભકતો ઝુમી ઉઠ્યા હતા. ગામની શેરીઓ તેમજ મહોલ્લામાં ફરીને શોભાયાત્રા મંદિરે પહોંચી હતી. ચંચળ માતાજીના ધજારોહણ પ્રસંગે ગ્રામજનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# જુની સાંકળી ગામે સરદાર પટેલ અને પૂર્વમંત્રી સવજીભાઈ કોરાટની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા. ૨૫

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના જુની સાંકળી ગામે આધુનીક ભારતના શિલ્પી અને દેશને એક તાંતણે બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલ અને રાજયના પૂર્વ માર્ગ અને મકાનમંત્રી સવજીભાઈ કોરાટની પ્રતિમાનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે અનાવરણવિધિ સંપન્ન કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે જુની સાંકળી ગામ પુર્વમંત્રી સ્વ. સવજીભાઈ કોરાટની જન્મ અને કર્મભુમિ છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૪૨મી 'મન કી બાત' કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાનું રાયપુર ગામ ચમક્યુ હતુ. રાયપુર ગામે ખેતરના છેડે એકામાં ટી.વી. મુકી ઘઉંની લણણી કરતા મજૂરોએ અને ખેડૂતોએ આ મનકી બાતનો કાર્યક્રમ માણ્યો હતો. ગુજરાત કિસાન મોરચાના અગ્રણી હિતેન્દ્ર પટેલે આ મુદ્દે તેમના વતનનો ઉલ્લેખ કરવા માટે વડાપ્રધાન પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી જણાવ્યુ છે કે જગતનો તાત કૃષિના કામ વચ્ચે પણ વડાપ્રધાનને સાંભળવા ઉત્સુક છે તેનો પુરાવો આજનો કાર્યક્રમ છે. તેમણે જણાવ્યુ છે કે સાનુકૂળ વાતાવરણને પગલે ઘઉંનુ સારૂ ઉત્પાદન અને સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ટેકાના ભાવે શરૂ થયેલી ખરીદી પછી જિલ્લામાં ખેડૂતોમાં ઉત્સાહ બેવડાયો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડિયર... સોરી આજે પણ તારે ટીફીન લઈને આવવું પડશે... કાલની જેમ ફરીથી કોઈ ગાડી પાછળ બાઈક પાર્ક કરી જતું રહ્યું છે..

# આજે ગાંધીનગરમાં સિનિયર ક્લાર્કના ફાળવણીપત્રો વિતરણ સમારોહ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી નિમણુંક પામેલા સિનિયર ક્લાર્કને ફાળવણી પત્રો વિતરણ કરશે. સી.આર.પી.એફના નવ પ્રશિક્ષિત કોન્સ્ટેબલ્સની પાસીંગ આઉટ પરેડ અને શપથમાં પણ ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી નિમણુંક પામેલા ૧૦૫૪ સિનિયર ક્લાર્ક અને મ્યુનિસિપલ એકાઉંટન્ટ ડેપ્યુટી એકાઉન્ટન્ટને ફાળવણી પત્રો વિતરણ કરશે. આવતીકાલે ૨૬ માર્ચ ૨૦૧૮ સોમવારે સવારે ૯.૧૫ વાગ્યે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં યોજાનારા આ સમારોહમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેવાના છે.

# ટૂંકાગાળામાં પોલીસ કોન્સ્ટેબલની ૫૬૩૫ જગ્યાઓ માટે ભરતી થશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા ટુંકા ગાળામાંજ હથિયાર અને બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૫૬૩૫ જેટલી જગ્યાઓ માટે ભરતી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આનવશે. જેની વધારે માહિતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર મુકવામાં આવી છે.

રાજ્ય પોલીસ વિભાગમાં સતત પોલીસ કર્મચારીઓની ઘટ દેખાઈ રહી છે. કર્મચારીઓની ભરતીની સામે કર્મચારીઓની નિવૃત્તિનું પ્રમાણ વધી રહ્યું છે. પરિણામે પોલીસતંત્રમાં અનેક કામગીરી ઠપ્પ બની ગઈ છે. પોલીસ મથકોમાં મહેકમની ઘટ સ્પષ્ટ દેખાઈ રહી છે. જરૂરી સ્ટાફની અછતને પગલે વર્ષોથી અનેક કેસો અટવાઈ રહ્યા છે.

પોલીસ વિભાગમાં કર્મચારીઓની અછત દુર કરવા થોડા સમય અગાઉ રાજ્યના ગૃહ વિભાગે પોલીસ કોન્સ્ટેબલની ભરતી કરવા મંજુરી સંબંધિત વિભાગોને આપી હતી. માંગણા પત્રકોમાં જણાવ્યા મુજબ વિવિધ સંવર્ગની કુલ ૫૬૩૫ જગ્યાઓ પર ટુંકા ગાળામાં જ સીધી ભરતી અંગેની જાહેરાત કરવામાં આવશે. આ કુલ જગ્યાઓમાં બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૩૩૬ તથા હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૫૨૯૯ જગ્યાઓ માટે બોર્ડની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. જેથી ટુંકા ગાળામાં જ બોર્ડ જાહેરાત પ્રસિદ્ધ કરશે.

# ચરેડી-જીઈબી કોલોની છાપરાં ખાતે મહિલાઓ માટે કેન્સર તપાસ કેમ્પ યોજાયો

## જ્યોતિ મહિલા મંડળના આ કેમ્પમાં ૧૩૧ મહિલાઓની તપાસ કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ સમાવિષ્ટ ચરેડી અને જીઈબી કોલોની છાપરા વિસ્તારની ઝુંપડપટ્ટીમાં શ્રમજીવી મહિલાઓ માટે કેન્સર તપાસ કેમ્પનું આયોજન જ્યોતિ મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં ૧૩૧ મહિલાઓની તપાસ તબીબો દ્વારા કરવામાં આવી હતી.

જ્યોતિ મહિલા મંડળના કેન્સર તપાસ કેમ્પમાં અમદાવાદથી કેન્સર હોસ્પિટલમાંથી આવેલા તબીબો ડૉ. રાજીવ ગુપ્તા, ડૉ. પ્રિયંકા ગોયલ, અને ડૉ. પ્રિયંકા સાધુએ મહિલાઓના કેન્સર તપાસ માટેની સેવાઓ પુરી પાડી હતી. આ કાર્યમાં કલીબેન સોલંકી, મનીષાબેન પંચાલ તથા કેમ્પ કો-ઓર્ડિનેટર ડૉ. સ્વાતિબેન રાણા તથા તેમના સ્ટાફે પણ ઉત્કૃષ્ઠ સેવાઓ આપી હતી. આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળના મંત્રી હર્ષાબા ધાંધલ ઉપરાંત કંચનબેન સોલંકી, આંગણવાડી કાર્યકર મીનાબેન વગેરે કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. જેમાં જ્યોતિ મહિલા મંડળના લતાબેન ચોકસી, નિરૂબેન નાયક તથા કોકિલાબેન નાયકે સુંદર સહયોગ પુરો પાડ્યો હતો.

# મિશન લોકસભા ૨૦૧૯ : ભાજપે જોખમી એવી ૧૪ બેઠકો ઉપર ચૂંટણી તૈયારી શરૂ કરી દીધી

ગુજરાત વિધાનસભામાં નબળા દેખાવ બાદ ભાજપે લોકસભાની ૨૬ બેઠકોમાં આવતી પાર્ટીની નબળી એવી વિધાનસભાની ૮૫ બેઠકો પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. પાર્ટીના ઈન્ટરનલ સર્વે પ્રમાણે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ આઠ થી દસ બેઠકો ગુમાવે છે ત્યારે ગુજરાતમાં લોકસભાની ચૂંટણીની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકારના વિભાગોને એવી સૂચના આપી છે કે એનડીએના શાસનમાં છેલ્લા ચાર વર્ષમાં કેન્દ્ર સાથેના ગુજરાતના કેટલા પ્રશ્નો ઉકેલ્યા છે અને કેટલા પડતર રહ્યાં છે તેની યાદી બનાવો. પાર્ટીના સૂત્રો પ્રમાણે ભાજપ માટે ગુજરાતની પાટણ, મહેસાણા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, જૂનાગઢ, અમરેલી, ભરૂચ, જામનગર, આણંદ લોકસભા બેઠક જોખમી બની છે. ભાજપ માટે કચ્છ, બનાસકાંઠા, અમદાવાદ ઈસ્ટ અને વેસ્ટ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર, ખેડા, બારડોલી, સુરત, નવસારી અને વલસાડ બેઠક પર કોઈ જોખમ નથી. એટલે કે ભાજપને જોખમ છે એવી ૧૪ બેઠકો પર એડી ચોટીનું જોર ભાજપ લગાવે તેમ મનાય છે.

**GNFCની નવ જેટલી નીમ પ્રોડક્ટ્સને ગરવી ગુર્જરી એમ્પોરિયમ પણ વેચશે**

**● ગુજરાતની બ્યુરોક્રેસીમાં કોણ સુપર પાવર બનશે...**

ગુજરાતના વહીવટી તંત્રમાં સુપરપાવર કોણ છે તેની સચિવાલયમાં ચર્ચા શરૂ થઈ છે. હાલના ચીફ સેક્રેટરી ડો. જે.એન.સિંઘ પછીનું સ્થાન કોનું હશે તેના પર બધો મદાર છે. સિંઘ ૨૦૧૯ના મે મહિનામાં વયનિવૃત્ત થઈ રહ્યાં છે. તેમની નિવૃત્તિ પછી એવું હતું કે અનિલ મુકીમને રાજ્યના ચીફ સેક્રેટરી બનાવવામાં આવશે પરંતુ તેમણે ડેપ્યુટેશન પર દિલ્હી જવાનું પસંદ કર્યુ છે તેથી તેમના ચાન્સ હવે રહ્યાં નથી, કારણ કે તેમની વય નિવૃત્તિ નવી દિલ્હીમાં જ પૂર્ણ થશે. મુકીમ ઓગષ્ટ ૨૦૨૦માં નિવૃત્ત થઈ રહ્યાં છે. બીજી તરફ સુજીત ગુલાટી હાલ ઉર્જા વિભાગના અધિક મુખ્ય સચિવનો હવાલો ધરાવે છે. બદલીઓના ચક્કરમાં તેમનું નામ પણ યાદીમાં આવી ગયું છે. મુકીમના ખાલી પડેલા સ્થાન પર અરવિંદ અગ્રવાલને હાલ તો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે પરંતુ તેમની બદલી કાયમીરીતે નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે થઈ શકે છે. તેઓ હાલ ફોરેસ્ટ એન્ડ એનવાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટમાં છે. એક બાબત નક્કી છે કે સરકાર જેને નાણા વિભાગનો હવાલો આપશે તે રાજ્યના મુખ્યસચિવ બની શકે છે. આ પોસ્ટ માટે સુજીત ગુલાટી અને અરવિંદ અગ્રવાલનો ક્રમ આવે છે. જો તેમને કાયમી ચાર્જ આપી દેવામાં આવે તો સંભવ છે કે અરવિંદ અગ્રવાલ નવા ચીફ સેક્રેટરી બની શકે, કારણ કે સુજીત ગુલાટી નવેમ્બર ૨૦૧૯ના રોજ નિવૃત્ત થઈ રહ્યાં છે, એટલે કે સરકાર પાંચ છ મહિના માટે કોઈને ચીફ સેક્રેટરી બનાવે નહીં, તેથી અગ્રવાલના ચાન્સ વધી જાય છે. જો કે હજી જે.એન.સિંઘનો કાર્યકાળ ૨૦૧૯ના મે મહિના સુધી છે અને તે સમયમાં લોકસભાની ચૂંટણી આવવાની છે તેથી સિંઘને એક્સટેન્શન પણ મળી શકે છે.

**● નીમ પ્રોડક્ટ્સ હવે ગરવી ગુર્જરીમાં પણ મળશે...**

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ- જીએનએફસી અને ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન વચ્ચે એક સમજૂતી કરાર થયો છે અને તે મુજબ હવે જીએનએફસીની નીમ પ્રોડક્ટ્સનું વેચાણ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટના સ્ટોર્સમાં પણ થશે. કંપનીના એમડી એ.કે.ઝા એ કહ્યું હતું કે સરકારના એક સાહસની નવ જેટલી પ્રોડક્ટ્સ અમે અમારા સાહસમાં વેચીને કોર્પોરેશનને મદદ કરી રહ્યાં છીએ. ગુજરાતમાં અમારી ગરવી ગુર્જરીના ૨૧ એમ્પોરિયમ આવેલા છે ત્યાં આ નીમ પ્રોડક્ટ્સનું અમે વેચાણ કરવાના છીએ. અમારા એમ્પોરિયમ અમદાવાદ, આણંદ, બેગલુરૂ, વડોદરા, ભૂજ, ભરૂચ, ભાવનગર, દિલ્હી, ગાંધીનગર, હૈદરાબાદ, કોલકત્તા, રાજકોટ, સુરેન્દ્રનગર અને સુરત આવેલા છે. કંપનીએ નીમ હેન્ડવોશ, નીમ શેમ્પુ, નીમ ફેસવોશ, નીમ હેરઓઈલ, નીમ શોપ, નીમ ઓઈલ-પર્સનલ કેર, નીમ કેક અને નીમ પેસ્ટ્રીસાઈડ જેવા બનાવટો બજારમાં મૂકી છે. આ તમામ ચીજવસ્તુઓ કુદરતી વનસ્પતિમાંથી બની છે તેથી તેની કોઈ સાઈડ ઈફેક્ટ્સ પણ થવાની નથી. લીમડાના બીજના સંગ્રહ માટે તેના સપ્લાય ચેઈન નેટવર્કમાં ગ્રામીણ મહિલાઓને જોડી છે. આ પ્રોજેક્ટ રાજ્યના ૨૨ જિલ્લાના ગુજરાતના ૪૦૦૦ ગામોમાં સક્રિય છે. છેલ્લા બે વર્ષમાં ૨.૨૫ કરોડ મહિલાઓને ૨૫ કરોડ રૂપિયાની આવક થઈ છે જ્યારે ૭૫૦૦૦ લોકોને આડકતરી રોજગારીનો ફાયદો થયો છે.

**● મોદીના ડ્રીમ પ્રોજેક્ટ્સને આગળ વધારાશે...**

ગુજરાત વિધાનસભાના સત્રના અંતિમ દિવસો છે ત્યારે સરકારે વહીવટી તંત્રને નવો ઓપ આપવાનું શરૂ કર્યુ છે. વિભાગોમાં ફેરફારો સાથે મોદી સરકારના જૂના પ્રોજેક્ટો કે જે છેલ્લા ત્રણ વર્ષથી અટકેલા છે તેનો રિવ્યુ કરવાનો શરૂ કરવામાં આવી રહ્યો છે.




ખાસ કરીને કલ્પસર યોજનાના વધતા ખર્ચને લઈને ચિંતા સેવવામાં આવી રહી છે. આ યોજના જો નિર્ધારિત સમયમાં શરૂ થઈ હોત તો આજે આ યોજનાનો ખર્ચ ૫૬૦૦૦ કરોડ થયો હોત પરંતુ હવે આ યોજનાનું કામ જો ૨૦૧૯માં શરૂ કરવામાં આવે તો તેનો કુલ ખર્ચ એક લાખ કરોડ રૂપિયાને પણ ઓળંગી જાય તેવી સંભાવના છે. આ યોજનામાં પહેલાં ટાઈડલ વીજ પ્રોજેક્ટ શરૂ કરવાનો હતો પરંતુ તેનો ખર્ચ ૨૦૦૦૦ કરોડ કરતાં વધી જતાં તેને પડતો મૂકીને ૩૦ કિલોમીટરનો જે બ્રીજ બનાવવાનો છે તેના પર સોલાર એનર્જીના પ્રોજેક્ટ શરૂ કરવાનું સરકારનું આયોજન છે. આ યોજનામાં સરકાર પીપીપી મોડમાં પણ જઈ શકે છે. મોદી સરકારનો બીજો પ્રોજેક્ટ ગિફ્ટ અને ધોલેરા સિટી છે અને આ બન્ને સિટી માટે કેન્દ્ર સરકાર ખુદ સક્રિય છે. મોદી તેમના ભાષણોમાં ધોલેરા અને ગિફ્ટ સિટીનો ઉલ્લેખ કરી રહ્યાં છે ત્યારે કેન્દ્ર સરકાર ગુજરાતને આ બન્ને પ્રોજેક્ટમાં ફરજ પાડશ તેમ લાગી રહ્યું છે.

**૧૩૫.૪૦ કરોડ - આ આંકડો રૂપિયામાં નથી પણ આપણી ભારતની વસતીનો છે**

ગાંધીનગરમાં મહાત્મા મંદિરનો પ્રોજેક્ટ પૂર્ણતાને આરે છે પરંતુ ફાઈવસ્ટાર હોટલ બનાવવાની છે તેમાં પણ કેન્દ્રીય રેલ્વે મંત્રાલય હિસ્સો લઈ રહ્યું છે. ગાંધીનગરમાં પંચામૃત ભવન કે જે આનંદીબહેન પટેલની સરકારમાં પડતું મૂકવામાં આવ્યું હતું તેને હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી ફરીથી શરૂ કરવાના મૂડમાં છે. મોદીનું ખ્વાબ હતું કે મહાત્મા મંદિરથી પ્રેરણા લઈને સચિવાલયમાં પુરૂષાર્થ કરવાનો છે અને તેનું પરિણામ એટલે કે પંચામૃત ભવન છે. ગાંધીનગરના સાબરમતીના કિનારે મહાત્મા મંદિર અને સચિવાલયની લાઈનમાં બનાવવાનું થાય છે. એવી જ રીતે અમદાવાદમાં મેટ્રોરેલની યોજનાનો પ્રોજેક્ટ પણ મોદીનો છે. આ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થાય તે માટે રૂપાણી સરકાર મેટ્રો રેલના કામકાજમાં ઝડપ વધારે તેવી સંભાવના છે.

**● માર્ચ ૨૦૧૮માં આપણે ૧૩૫.૪૦ કરોડ થઇ ગયા...**

વસતી વધારામાં વિશ્વમાં સૌથી ઉંચુ સ્થાન ચીન પછી ભારતનું આવે છે. યુએનના છેલ્લા આંકડા પ્રમાણે માર્ચ ૨૦૧૮ સુધીમાં ભારતની વસતી વધીને ૧૩૫.૪૦ કરોડ થઈ છે. ભારતની વસતી ૨૦૧૭માં ૧૩૩૯ મિલિયન જોવામાં આવી હતી. આ વસતી ૧૯૦૭માં માત્ર ૨૮૯ મિલિયન હતી. યુનાઈટેડ નેશનના રિપોર્ટ પ્રમાણે ભારતની વસતી સતત વધતી જાય છે. વસતી વધારામાં ભારત એ ચીન પછી બીજો સૌથી મોટો દેશ છે. રિપોર્ટ પ્રમાણે ચીનની વસતી ૧૯૦૭માં ૪૧૬ મિલિયન હતી તે ૨૦૧૭માં વધીને ૧૪૦૯ મિલિયન થઈ છે. આ બન્ને રાષ્ટ્રો વસતી વધારામાં સ્પર્ધા કરતા હોય તેમ લાગી રહ્યું છે, જ્યારે જગત જમાદાર છે તેવા અમેરિકાની વસતી ૧૯૦૭માં ૮૭ મિલિયન હતી તે ૨૦૧૭માં વધઈને ૩૨૪ મિલિયન થઈ છે. એવી જ રીતે રશિયાની વસતી ૧૯૦૭માં ૧૫૧ મિલિયન હતી તે વધીને ૧૪૩ મિલિયન થઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતની વસતી સવા સો કરોડ કરતાં વધીને ૧૩૩ કરોડ થઈ છે. વિશ્વનો બીજો સૌથી મોટો ભરચક દેશ બન્યો છે. વર્લ્ડોમીટરના રિપોર્ટ પ્રમાણે ૨૩મી માર્ચ ૨૦૧૮માં ભારતની વસતી ૧૩૪.૯૯ કરોડ થઈ છે. આ આંકડો યુનાઈટેડ નેશનનો છે. વિશ્વની કુલ વસતીમાં ભારતનો હિસ્સો ૧૭.૭૪ ટકાનો છે. વિશ્વમાં ભારતનો બીજો નંબર આવે છે. ભારતમાં ગામડાં ભાંગતા ગયા છે અને નવા શહેરોનું નિર્માણ થતું જાય છે. યુએનના રિપોર્ટ પ્રમાણે ૩૩.૨ ટકા એટલે કે ૪૪.૯૯ કરોડ લોકો શહેરોમાં વસી રહ્યાં છે. ૨૦૧૦માં ભારતની વસતી ૧૨૩.૦૯ કરોડ નોંધવામાં આવેલી છે. બે વર્ષની સરખામણી કરીએ તો ૨૦૧૭માં ભારતની વસતી ૧૩૩.૯૧ કરોડ હતી જે ૨૦૧૮માં માર્ચ મહિના સુધીમાં ૧૩૫.૪૦ કરોડ થઈ છે.

**કલ્પસર, મેટ્રોરેલ, ગિફ્ટ, ધોલેરા જેવા ડ્રીમ પ્રોજેક્ટ્સને રૂપાણી હાથ પર લેશે**

**● ગુજરાતના જાહેર સાહસો સ્માર્ટ બની રહ્યાં છે...**

ગુજરાતના જાહેર સાહસો કે જેઓ બજારમાં હિસ્સો ધરાવે છે અને તેમની પ્રોડક્ટ્સ વેચવા મૂકે છે તેઓ માટે દાખલારૂપ કામ જીએનએફસીના મેનેજીંગ ડિરેક્ટર ડો. રાજીવ ગુપ્તાએ કર્યુ છે. તેમણે લીમડાના વૃક્ષના પાંદડા, લિંબોળી અને અન્ય પાર્ટ્સનો ઉપયોગ કરીને નવ જેટલી નીમ પ્રોડક્ટ્સ બજારમાં મૂકીને ઈતિહાસ સર્જ્યો છે. આ પહેલાં જીએસએફસીમાં ડો. એસ.કે.નંદાએ આવો પ્રયોગ કર્યો હતો. નંદાએ કિચન ગાર્ડનિંગની એક કીટ બનાવીને બજારમાં મૂકી હતી જે મહિલાઓમાં પોપ્યુલર બની હતી. આ કીટમાં શાકભાજીના બીજ, ખાતર, દવા અને કેવી રીતે શાકભાજી વાવવા તેની સમજ આપતી પુસ્તિકા પણ હતી. જીએનએફસીની પ્રોડક્ટ્સને ગુજરાત હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ્સ કોર્પોરેશનને સ્વિકારીને ગરવી ગુર્જરીના એમ્પોરિયમમાં મૂકવાનો કરાર કર્યો છે. ગુજરાતમાં આ સ્થિતિ એક ઉત્તમ સ્પર્ધાત્મક વાતાવરણ પૂરૂં પાડી રહી છે. વર્ષો પહેલાં ગુજરાત વન વિકાસ નિગમની જંગલ પેદાશોને પણ બજારમાં મૂકવામાં આવી હતી. આજે તે નિગમ ધૂમ કમાણીનું સાધન બની ગયું છે. સૌથી મહત્વની બાબત એવી છે કે સરકારી જાહેર સાહસો જે કોઈ બિઝનેસ કરે છે તે નહીં નફો, નહીં નુકશાનના કન્સેપ્ટ આધારિત હોય છે તેથી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતા પરિબળો જેવાં કે ગ્રામીણ મહિલાઓ અને યુવાનોને મોટી રોજગારી મળે છે.

**● ૪.૫૦ લાખ પેન્શનરો, ખર્ચ ૧૧૩૨૭ કરોડ...**

ગુજરાતમાં કર્મચારીઓને પેન્શન અને અન્ય લાભો માટે સરકાર ૧૧૩૨૭.૩૦ કરોડનો ખર્ચ કરશે. સરકારે ૨૦૦૫થી પેન્શન યોજના બંધ કરી હોવા છતાં છેલ્લા ચાર વર્ષમાં પેન્શન બિલમાં ૧૦૨ ટકાનો વિક્રમી વધારો થયો છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ સરકારી ખાતાઓમાં કર્મચારીઓની સંખ્યા ૧૮૫૫૭૫ છે. સરકારી સહાયિત સંસ્થાઓમાં કર્મચારીઓની સંખ્યા ૨૭૭૩૭૦ છે. આમ કુલ ૪૬૨૯૪૫ કર્મચારીઓની સંખ્યા છે જેમને આગામી વર્ષે ૨૯૭૫૯ કરોડનો પગાર ચૂકવશે. બીજી તરફ પેન્શનરો પણ વધતાં જાય છે. સરકારી ખાતાઓમાં પેન્શનરોની સંખ્યા ૪૫૦૫૦૯ છે જેમને ૧૪૯૯૦ કરોડનું પેન્શન ચૂકવવામાં આવશે. વાર્ષિક માથાદીઠ પેન્શન અને અન્ય લાભોનું ખર્ચ ૩.૩૩ લાખ થવા જાય છે. આગામી વર્ષ માટે સરકાર વયનિવૃત્તિ અને ભથ્થાં પાછળ ૫૭૩૨ કરોડનો ખર્ચ કરશે. પેન્શનની રૂપાંતરિત કિંમત ૧૭૫૦ કરોડ થાય છે. ગ્રેજ્યુઈટી પાછળ સરકાર ૧૮૮૭ કરોડ અને કુટુંબ પેન્શન પાછળ ૧૨૫૦ કરોડનો ખર્ચ કરશે. એ ઉપરાંત હાઈકોર્ટ ન્યાયાધીશોને પેન્શન ખર્ચ પેટે ૮ કરોડ, ભવિષ્ય નિધિમાં ફાળો ૦.૧૦ કરોડ, નક્કી કરેલી મૂલ્ય વર્ધિત પેન્શન યોજનામાં ૭૦૫ કરોડ તેમજ નક્કી કરેલી મૂલ્ય વર્ધિત પેન્શન યોજના માટેના વહીવટી ખર્ચ પેટે ૩.૨૦ કરોડ ખર્ચ કરશે. આ તમામ હેડમાં આગામી વર્ષે સરકારના ૧૧૩૨૭.૩૦ કરોડ ખર્ચાશે. જો કે આ ખર્ચ ૨૦૧૪-૧૫માં ૫૬૦૧.૯૮ કરોડનો હતો તે સીધો વધીને ૨૦૧૭-૧૮માં ૧૦૩૧૧.૨૦ કરોડ થયો છે. ચાર વર્ષમાં કુલ ૧૦૨.૨૦ ટકાનો વધારો દર્શાવે છે.

**● અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ્સ ક્યાં ખોવાઇ ગયા...**

કેન્દ્ર સરકાર દ્વારા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ્સને શરૂ કરવા માટે સફળતા મળી રહી નથી. યુપીએ સરકારે દેશમાં ચાર અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ્સ લગાવવાની યોજના બનાવી હતી પરંતુ તેને આગળ વધારીને એનડીએ સરકારે આ યોજનાનો આંકડો નવનો કરી દીધો હતો પરંતુ હકીકતમાં ચાર વર્ષના અંતે માત્ર બે જ અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ શરૂ થઈ શક્યા છે. જે ચાલુ થયા છે તે બે અલ્ટ્રા મેગા પ્રોજેક્ટની જનરેશન કેપેસિટી ૮૦૦૦ મેગાવોટ છે જ્યારે બાકીના સાતેં અલગ અલગ સ્ટેજ પર અટકેલા છે જે સરકાર માટે સૌથી મોટો પડકાર બની ગયા છે. કેન્દ્રની યુપીએ સરકારના સમયમાં ચાર યૂએમપીપી પર કામ શરૂ થયું હતું તે ચાર સાસન, મુંન્દ્રા, કૃષ્ણાપટ્ટનમ અને ઝારખંડને તો પાવર ડેવલપર્સ તો સોંપી દીધા છે પરંતુ આ ચાર પૈકી સાસન અને મુંન્દ્રામાં કમિશન થઈ શક્યા છે. મુંન્દ્રામાં યૂએમપીપી ૨૩ એપ્રિલ ૨૦૦૭માં ટાટા પાવર કંપનીને સોંપવામાં આવ્યો છે જ્યારે સાસનમાં ૭મી ઓગષ્ટ ૨૦૦૭ના રોજ રિલાયન્સ પાવરને સોંપાયો છે. આ બન્નેમાં પાવર જનરેશન થઈ રહ્યું છે પરંતુ ટેરીફ અંગે વિવાદ સર્જાતાં કંપનીઓએ કામ બંધ કરી દીધું છે. એનડીએ સરકારે બાકીના પાંચ પ્રોજેક્ટ વિવિધ જિલ્લાઓમાં ઉભા કરવાનું નક્કી કર્યુ છે પરંતુ વિવિધ કારણોસર કામ અટકેલાં છે.